# પરોપકાર સામે પ્રાણ પણ તુચ્છ !

– હસમુખ રાવળ

આમ તો તે છોકરી નાની. તુંગ પર્વતની તળેટીના એક ગામમાં રહે. સુકેશી એનું નામ. બાળપણમાં જ બાપ મરી ગયો. સુકેશી ઘેટાં ચરાવે અને પોતાની અપંગ માનું પેટ ભરે. તે દેખાવે સુંદર અને સ્વભાવે પરોપકારી હોવાથી સૌને પ્રિય !

તુંગ પર્વતની આસપાસ પાણીનું કોઈ જળાશય જ નહોતું. એમાં યે ત્રણ વર્ષથી વરસાદ વરસ્યો જ નહોતો. આથી ઘોર દુકાળની પરિસ્થિતિ હતી. સુકેશીને પણ ઘેટાંનો ચારો લેવા આઘેઆઘે ભટકવું પડતું.

એક દિવસ તે ચારાની શોધમાં નીકળી. તેણે બે પથ્થર વચ્ચે લીલોછમ્મ છોડ જોયો. તે છોડ ઝટપટ ઊખેડી લીધો તો છોડના મૂળમાંથી પાણીની પાતળી ધારા વહેવા લાગી. એકાએક સુકેશીના હાથમાંથી તે છોડ છૂટી ગયો અને મૂળ સ્થાને ચોંટી ગયો. તેણે ફરી તે છોડને ખેંચી લીધો ને તે જળધારાના શીતળ જળથી તરસ છીપાવી ! બરાબર એ જ સમય ભયંકર વંટોળ ઊઠયો.

સુકેશીએ ગભરાઈને આંખો મીંચી લીધી. ફરી આંખો ખોલી તો તે એક ગુફામાં હતી ! સામે પીળચટ્ટા દાંત કચકચાવતો રાક્ષસ બેઠો હતો. તે સુકેશીને ધમકાવવા લાગ્યો : ‘હું પર્વતનો સ્વામી છું. તે મારા ગુપ્ત ઝરણાનું રહસ્ય જાણી લીધું છે. તું તે રહસ્ય કોઈને જણાવીશ, તો તને મારી નાખીશ !’ તે સમયે ફરી વંટોળ ઊઠયો ને સુકેશી હતી ત્યાં પહોંચી ગઈ.

આ પ્રસંગ પછી તે ખૂબ વલોવાવા લાગી. લોકોને–પશુઓને પાણી વિના તડપી–તડપીને મરતાં તે જોતી, પણ કાંઈ ન કરી શકતી. ગુપ્ત ઝરણાંનું રહસ્ય તે જાણતી હોવા છતાં કોઈને કહી નહોતી શકતી. બૂઢી માની ચિંતાને લીધે તે મરી યે શકતી નહિ. આવી સ્થિતિમાં તે દિવસેદિવસે સૂકાવા લાગી !

એક દિવસ સુકેશીએ તેની નજર સામે કોઈ ડોસાને ઠોકર ખાઈને ઢળી પડતો જોયો. તેનો ઘડો ફૂટી ગયો ને દૂરદૂરથી એકઠું કરેલું પાણી યે એળે ગયું. તે ડોસાની આંખો ફૂટેલા ઘડા પર ચોંટી રહી ને

પ્રાણે પાંખો ફફડાવી ! બસ, તે ઘટનાએ સુકેશીના અંતરમાં પ્રચંડ આગ ચાંપી ! તે જાતને થામી ન શકી !

સુકેશીએ ગામલોકોને ગુપ્ત ઝરણાનું રહસ્ય જણાવી દીધું. તેની પાછળ પાછળ ગામલોકો પાવડા–કોદાળી લઈને ચાલવા લાગ્યા. તે જગ્યાએ પહોંચીને સુકેશીએ છોડ ઊખેડી લીધો. લોકો કોદાળી–પાવડા ઝીકીઝીકીને ઝરણાંનું મોં પહોળું કરવા લાગ્યાં. જોતજોતામાં પાણીનો ધોધ વછૂટ્યો. ગામના લોકો ગેલમાં આવી ગયા. તુંગ પર્વતના પ્રદેશને જાણે નવું જીવન મળ્યું ! સુકેશી ક્યાં ગઈ, તેનો તેમને આ ધમાલમાં ખ્યાલ ન રહ્યો.



વંટોળ ઊઠ્યો ને તે વંટોળ સુકેશીને ફરી ગુફામાં લઈ ગયો. પર્વતનો દેવતા અંગારા વરસતી આંખો દેખાડીને બોલ્યો : 'તેં મારા હુકમનો ભંગ કર્યો છે. તને પ્રાણદંડ આપીશ. તે જ ધસમસતી ધારા નીચે તને સૂવડાવીશ ને તું તડપીતડપી મરીશ !'

'ગામના ભલા માટે પ્રાણ દેવાનો પ્રસંગ તો ભાગ્યશાળીને મળે છે ! બસ, મરતાં પહેલાં મારી માને મળવાની ઈચ્છા છે.'

સુકેશીને ઘેર જવાની રજા આપીને તે રાક્ષસ બોલ્યો : 'કાલે સંધ્યા પહેલાં તું તે ઝરણા પાસે નહિ પહોંચે, તો હું તે ઝરણાનું મોં બંધ કરીને ગામનો નાશ કરીશ !

વળી વંટોળે સુકેશીને તેની મા પાસે પહોંચાડી દીધી. તેણે પડોશણને તે રાક્ષસની સઘળી વાત કહી. તે પડોશણે સુકેશીને હૈયાધારણા આપી કે તે તેની માની સંભાળ લેશે !

બીજા દિવસની સંધ્યા પહેલાં તે ઘેરથી નીકળી. તે ગામથી બહારના વડના ઝાડને કહેવા લાગી : 'હવે હું તારી છાંયામાં ક્યારેય નહિ બેસી શકું. 'મને વિદાય દે.'

અચાનક તે સમયે વડના થડમાંથી લીલા રંગનો માણસ નીકળ્યો ને તે સુકેશીને કહેવા લાગ્યો : 'સાંભળ ! હું જંગલનો દેવતા છું. તને હું તે રાક્ષસથી બચાવીશ. જો, આ મૂર્તિ બરાબર તારા જેવી જ છે ! મેં તે બનાવી છે. મને તારા વાળ દે. હું તારા વાળ આ મૂર્તિને માથે લગાવી દઈશ.'

સુકેશીએ વાળ ઊતારી આપ્યા. મૂર્તિ પર વાળ ચોંટાડીને તે જંગલનો દેવતા મૂર્તિને લઈને ઝરણા તરફ ગયો. એક ધમાકો થયો ને સુકેશીને બદલે તેની મૂર્તિનો નાશ થયો !

પછી ગામલોકો આનંદથી નાચતા–કૂદતાં સુકેશીને ઘેર લઈ ગયા. ત્યારે જંગલ–દેવતાએ લોકોને કહ્યું : 'હવે પરોપકાર માટે પ્રાણને તુચ્છ લેખનાર માણસ આ ધરતી પર ભાગ્યે જ મળશે !'

■